ક્રમાંક:જિશિઅ/પ્રાથમિક/૨૦૧૭–૧૮/૩૬૭૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમદાવાદ શહેર
બહુમાળી ભવન–વસ્ત્રાપુર
અમદાવાદ–૩૮૦૦૫૨
તારીખ ૨૮/૦૬/૨૦૧૭

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રીમતી દિવાળીબેન અંબાલાલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
નિષ્કલ સ્કુલ ઓફ થોટસ
વિજયનગર રોડ,નારણપુરા
અમદાવાદ–૧૩.

NOTARY DAKSHA M. PATEL AHMEDABAD - DIST. GUJARAT STATE REG. No. 1937 / 01 Expiry Dt. 07-10-2021 GOVERNMENT OF INDIA

વિષય:– માન્ય ખાનગી પ્રાથમિક શાળાનાં નામ ફેરફાર ની મંજુરી બાબત.
સંદર્ભ:– (૧) આપની દરખાસ્ત તા.૨૭/૦૪/૧૭
(૨) પ્રાશિ.નિ.કચેરી,ગાંધીનગરના તા.૧૭/૧/૦૫ નો પત્ર.
(૩) શ્રીમતી દિવાળીબેન અંબાલાલ ચેરીટેબલ ટ્રસ્ટનો ના વાંધા પ્રમાણપત્ર.
(૪)અત્રેની કચેરીના મ.શિ.નિ.શ્રી બી.ડી.સદાતિયાનો સ્થળ તપાસ અહેવાલ

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર –૧ અન્વયે આપના તરફથી શ્રીમતી દિવાળીબેન અંબાલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, વિજયનગર રોડ,નારણપુરા, અમદાવાદ સંચાલિત નિષ્કલ સ્કુલ ઓફ થોટસ(અંગ્રેજી માધ્યમ)ના નામ ફેરફાર કરીને તપોવન વિદ્યાલય કરવા દરખાસ્ત કરેલ છે. જે બાબતે અત્રેની કચેરીમાં તારીખ:૨૮/૬/૨૦૧૭ના રોજ સદર બાબતે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલી હતી.જેમાં પ્રકાશચંદ્ર સી.શાહ હાજર રહેલ હતા.જેઓને પુછતા સદર ટ્રસ્ટના અમુક સભ્યોએ રાજીનામાં આપવાથી ચેરીટી કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ ખાતે ટ્રસ્ટના સભ્યોની ફેરફાર કરેલ પી.ટી.આર.ની નકલ રજુ કરેલ છે. પી.ટી.આર.ની નકલ તથા રજુ કરેલ પુરાવાઓ ઉપર આધાર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

શ્રીમતી દિવાળીબેન અંબાલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, વિજયનગર રોડ,નારણપુરા, સંચાલિત નિષ્કલ સ્કુલ ઓફ થોટસ(અંગ્રેજી માધ્યમ),ધોરણ ૧ થી ૭નો પ્રથમ એક એક વર્ગ, વિજયનગર રોડ,નારણપુરા અમદાવાદને વર્ષ ૨૦૦૨માં મંજુરી મળેલ છે.જે શાળામાં વિદ્યાર્થીસંખ્યા ન હોવાથી બંધ કરવામાં આવેલ.પરંતુ આજુબાજુના વિદ્યાર્થીઓ અને વાલીઓ ધ્વારા શાળા પુનઃ ચાલુ કરવા રજુઆતો કરેલ.જેથી સંચાલક મંડળે વિદ્યાર્થીઓના વાલીઓ અને પોતાની શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવા સારું ટ્રસ્ટ ધ્વારા પુનઃ શાળા શરૂ કરવા અને શાળાનું નામ ફેરફાર કરવા રજુઆત કરેલ છે.જે તમામ વિગતો જોતા શાળાને વર્ષ જુન–૨૦૧૭થી નિષ્કલ સ્કુલ ઓફ

થોટસ,ધોરણ ૧ થી ૭નો પ્રથમ એક એક વર્ગ(અંગ્રેજી માધ્યમ) વિજયનગર રોડ,નારણપુરા,અમદાવાદ ખાતે વિધાર્થીઓ અને વાલીઓના હિતને ધ્યાનમાં લઈ શાળા પુનઃ ચાલુ રાખવાનાં આદેશ કરવામાં આવે છે.

તેમજ શ્રીમતી દિવાળીબેન અંબાલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, વિજયનગર રોડ,નારણપુરા અમદાવાદ ધ્વારા રજુ કરેલ આધાર પુરાવા મુજબ ટ્રસ્ટ ધ્વારા ચાલતી નિષ્કલ સ્કુલ ઓફ થોટસ(અંગ્રેજી માધ્યમ)નું નામ બદલીને તપોવન વિધાલય રાખવા મંડળ ધ્વારા રજુ કરવામાં આવેલ સંમતિપત્ર, ઠરાવ તેમજ ટ્રસ્ટે રજુ કરેલ આધારપુરાવાને ધ્યાનમાં લઈ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર નં ૧૭/૧/૨૦૦૫ થી મળેલ સત્તાની રૂએ નીચેની શરતોને આધિન શાળાના નામ ફેરફાર કરવાની મંજુરી આપવામાં આવે છે.

| હાલની શાળાનું નામ | શાળાનું નવું નામ |
|---|---|
| નિષ્કલ સ્કુલ ઓફ થોટસ<br>(અંગ્રેજી માધ્યમ)<br>વિજયનગર રોડ,નારણપુરા | તપોવન વિધાલય<br>(અંગ્રેજી માધ્યમ)<br>વિજયનગર રોડ,નારણપુરા |

શરતો :-

(૧) શાળા સંચાલક મંડળે સરકારશ્રીના નિયમો, ઠરાવો અને પરિપત્રોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) તાલીમી શિક્ષકોની નિમણુંક કરવાની રહેશે.

(૩) શિક્ષકોના પગારની ચુકવણી પ્રર્વતમાન નિયમોનુસાર બેંક મારફતે કરવાની રહેશે.

(૪) શાળાની નાણાકીય, વહીવટી, કાયદાકીય અને જુના તમામ હકકદાવા કે પડતર કેસોની જવાબદારી ટ્રસ્ટ મંડળની રહેશે.

(૫) શાળાનું સ્થળ એ જ રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર,અમદાવાદ

NOTARY
DAKSHA M. PATEL
AHMEDABAD - DIST.
GUJARAT STATE
REG. NO. 1997 / 01
Expiry Dt.
07-10-2021
GOVERNMENT OF INDIA

TRUE XEROX COPY
DAKSHA M. PATEL
NOTARY
GOVT. OF INDIA